**પેજ નં.૯**

કલાક ૧૨ વાગ્યાની આસપાસ અરજદાર તેમજ તેમના વિ.વ.શ્રી તથા સામાવાળા તેમજ તેમના વિ.વ.શ્રી કોર્ટ રૂબરૂ હાજર રહી કોર્ટને સામાવાળાના વિ.વ.શ્રી દવારા તેઓને કોઈ વકીલશ્રીના સામાજીક કાર્યક્રમમાં હાજર રહેવાનુ હોવાનુ જણાવી કલાક ૧:૩૦ વાગ્યાની આસપાસ તેઓ કોર્ટમાં હાજર થશે તેવી મૌખીક વિનંતી હાલની ડોમેસ્ટીક વાયોલેન્સની અરજીના બંન્ને પક્ષકારની હાજરીમાં અરજદારના વિ.વ.શ્રીની હાજરીમાં આ રજુઆત કોર્ટને સામાવાળાના વિ.વ.શ્રી દવારા કરતા કોર્ટે કલાક ૧:૩૦ વાગ્યે સદર કેસ ચલાવવા માટે બંને પક્ષના વિ.વ.શ્રીની હાજરીમાં કહયા બાદ અરજદારના વિ.વ.શ્રી દવારા કોર્ટને કલાક ૩:૦૦ વાગ્યે પુરાવો નોંધવા મૌખીક વિનંતી કરતા કોર્ટે હાલની અરજીના બંને પક્ષકાર તથા બંને વિ.વ.શ્રીની હાજરીમાં અરજદારના વિ.વ.શ્રીની મૌખીક વિનંતી ગ્રાહય રાખેલ ત્યારબાદ કલાક ૨:૪૫ વાગ્યાની આસપાસ અરજદારના વિ.વ.શ્રીએ સામાવાળા તેમજ તેમના વિ.વ.શ્રીની ગેરહાજરીમાં તેઓને અન્ય કામ આવી ગયેલ હોવાથી કોર્ટમાં કલાક ૩:૩૦ વાગ્યે હાજર રહેશે તેવી મૌખીક વિનં તી કરતા કોર્ટે ઉપરોકત કારણોસર અરજદારના વિ.વ.શ્રીને કલાક ૩:૦૦ વાગ્યે હાજર રહેવા સુચન કરેલ જેમાં અરજદારના વિ.વ.શ્રી દવારા કોર્ટમાં એવુ બોલતા–બોલતા ચાલ્યા ગયેલ કે અમારી સાથે જ આવુ કરો છો બીજાને તો સમય તેમના માંગ્યા મુજબ આપો છો. સદર નોંધ અત્યારે લખાવતા સમયે સામાવાળાને સોગંદ આપ્યા બાદ સદર નોધ લખાઈ ગયા બાદ અરજદારના વિ.વ.શ્રી બેઠા બેઠા કોર્ટને મૌખીક રીતે એવુ કહે છે કે ત્યારબાદ અરજદારના વિ.વ.શ્રી આવી ગયેલા તેવુ લખો સાહેબ. ત્યારબાદ ઉભા થઈને અરજદારના વિ.વ.શ્રી બોર્ડ કલાર્કને આંગળી લંબાવીને સામાવાળાના વિ.વ.શ્રી કલાક ૩:૦૦ વાગ્યા પછી આવેલ છે તેવુ લખો. ત્યારબાદ અરજદારના વિ.વ.શ્રી કોર્ટને મૌખીક રીતે કહે છે કે હુ અરજી આપુ છુ સદર કેસ ટ્રાન્સફર કરવા માટે. કલાક ૩:૩૫.

આજરોજ અરજદાર પક્ષે આપેલ કેસ ટ્રાન્સફરની અરજીના કારણોસર મુદત માંગેલ હોય અરજીમાં કરેલ હુકમ મુજબ મુદત આપી.

સોગંદ આપ્યા.....

સામાવાળાની આંક–૨૦ની સરતપાસ લગત અરજદાર તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એન.યુ.સોલંકી (૧)

સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૧/૦૮/૨૦૨૬
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.